**અજીતા ઇટાલિયા**

અજીતા ઇટાલિયા સ્પીટીવેલીમાં સાઇક્લિંગના પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા નીકળ્યા તે પહેલાં માત્ર ત્રણ મહિના પહેલાં જ તેઓ સાઇકલ શીખ્યા હતા

# બ્યૂટી વીથ બ્રેઈન એન્ડ હાર્ટ



સુરતની ખૂબસૂરતીને ચાર ચાંદ લાગી જાય જ્યારે કોઇ મુંબઇથી સિતારો આવીને સુરતમાં વસી જાય. મુંબઇની ચકાચૌંધમાં મોટાં થયેલાં અજીતા ઇટાલિયાએ સુરતને અનેક યાદો ગિફ્ટ કરી છે. સુરતનું નામ એમના નામની સાથે જોડીને ઇતિહાસના પૃષ્ઠોમાં કાયમ કરી દીધું છે.

સ્ત્રીની હંમેશાં ખૂબસૂરતી સાથે સરખામણી કરીને તેને નાજુક બનાવી દેવામાં આવી છે. પરંતુ નાજુકતા, પેમ્પરીંગથી પોતાની જાતને સુંવાળી નહીં પરંતુ સાહસ વીરાંગના તરીકે ઓળખાવી છે અજીતા ઇટાલિયાએ. સ્ત્રી તરીકે તેમણે ન માત્ર તેજાણી પરિવારનો કુળદીપ અજવાળ્યો છે પરંતુ પુત્રવધૂ તરીકે ઇટાલિયા પરિવાર અને વળી, માતા બનીને વર્ષો સુધી કાર્યરત રહીને તેમણે પ્રેમનો પાલવ પણ બિછાવ્યો છે.

પોતાના નામમાં જ એમની જીત રહી છે. તેઓ ભલે બોર્ન વીથ સિલ્વર સ્પૂન હોય પરંતુ તેઓએ પણ જીવનમાં ઘણા નાનામોટા સંઘર્ષ કર્યા છે. તેમની સંઘર્ષની ગાથાના વખાણ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કર્યા છે. એક સ્ત્રી તરીકે અને એ પણ પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવીને ન બ્યૂટીની ફિકર કે ન બાઉન્ડ્રીની ફિકર બસ સાહસ અને સફળતા એ જ લક્ષ્યની સાથે અજીતા ઇટાલિયાએ સ્પીટીવેલી- એક એવું સ્થળ કે જ્યાં સામાન્ય વ્યક્તિ પણ જવા માટે હિમ્મત ભેગી કરે પરંતુ અજીતા ઇટાલિયા એ ભારતના પ્રથમ મહિલા છે કે જેઓએ સ્પીટીવેલી જેવા ઉબડખાબડ અને લો ઓકિસજન જેવા એરિયામાં સાઇક્લિંગ પણ કર્યું હતું. અજીતા ઇટાલિયા સ્પીટીવેલીમાં સાઇક્લિંગના પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા નીકળ્યા તે પહેલાં માત્ર ત્રણ મહિના પહેલાં જ તેઓ સાઇકલ શીખ્યા હતા. આ પરથી તેઓએ દરેક સ્ત્રી માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે કે સ્ત્રી માટે કંઇ જ અશક્ય નથી. તેઓ પોતાની સફળતા વિશે કહે છે કે, 'હું જ્યારે જવા માટે અચકાતી હતી ત્યારે મારા દીકરાએ મને ખૂબ જ સુંદર વાત કહી હતી કે મમ્મા લિમિટ માણસના માઇન્ડમાં હોય છે, દુનિયામાં નહીં. બસ તેના આ બોલ મેં ઝીલી લીધા અને સ્પીટીવેલી સર કરી લીધી. સ્પીટીવેલીને હું મારી લાઇફનો ટર્નિંગ પોઇન્ટ માનું છું. એક વાતે મને હંમેશાં ગર્વ અનુભવાય છે કે જ્યારે મારા કારણે મારાં માતાપિતા વડાપ્રધાનને મળ્યાં ત્યારે મને એવું થયું કે હવે મારાં મમ્મીપપ્પાને દીકરો ન હોવાનો વિચાર પણ નહીં આવે.

એક રાઇટર, ડાન્સર, ફેશન ડિઝાઇનર, સાઇકલીસ્ટ અને અનેક યંગ લેડીઝના રોલ મોડેલ અજીતા ઇટાલિયા સુરતમાં આવીને પોતાનો ફેશન સ્ટોર પણ ચલાવે છે. દરેક સ્ત્રીની અંદરની વાતો તે પોતાની ડાયરીમાં ઉતારે છે. પોતાના જીવનને સાર્થક કરવા અને સ્ત્રી શક્તિને ચરિતાર્થ કરવા તેઓએ પોતાનાં સંતાનો ખૂબ જ નાનાં હોવા છતાં પણ હોટેલ મેનેજમેન્ટનો કોર્સ પણ કર્યો હતો. તે પણ એ સમયે કે જ્યારે તેમનો નાનો દીકરો કાર્ય માત્ર દોઢ વર્ષનો જ હતો.

તેમ છતાં પણ તેઓએ હિમ્મત કરીને સતત કંઇક ને કંઇક જીવનમાં શીખતા રહેવાની ભાવના સાથે અભ્યાસને આગળ વધાર્યો હતો. સ્ત્રીના સાહસમાં, માની મમતામાં અને પતિની પ્રેયસીમાં હંમેશાં અવલ્લ રહેતાં અજીતા ઇટાલિયા પર ના માત્ર તેઓના પરિવારને પરંતુ સુરતને પણ ગર્વ છે. તેમની સિધ્ધિઓ ન માત્ર સુરતીઓ પરંતુ સમગ્ર ભારત બિરદાવે છે.

ગુજરાતમિત્ર
વધુ જાણવા QR સ્કેન કરો

Perfection is not attainable,but if we chase perfection we can catch excellence. - Vince Lombardi